# 'ધૂળમાં ઊડતો મેવાડ' : વેદનાજન્ય માધુરીયુક્ત પ્રકૃતિ ને પ્રવાસનું આનંદપર્વ

ગુણવંત વ્યાસ

[ધૂળમાં ઊડતો મેવાડ (નિબંધસંગ્રહ) : મણિલાલ હ. પટેલ, પ્ર.આ. ૨૦૧૦, લજ્જા પબ્લિ., વલ્લભવિદ્યાનગર, ડિમાઈ, પૃ. ૧૯૦, કિં. રૂ. ૧૫૦/-]

**વતનનું, કુળનું પાણી મિજાજમાં પ્રગટે,**
**હૃદયના ભાવ જે રીતે અવાજમાં પ્રગટે.**

શ્રી મણિલાલ હ. પટેલના બારમા નિબંધસંગ્રહ 'ધૂળમાં ઊડતો મેવાડ'માંથી પસાર થતાં શ્રી હર્ષ બ્રહ્મભટ્ટનો ઉપર્યુક્ત શેઅર સહસા યાદ આવે. શ્રી રમેશ પારેખના ગીતની જાણીતી પંક્તિના શબ્દોને શીર્ષક તરીકે પસંદ કરતા નિબંધકારના ત્રીસ નિબંધો મુખ્યત્વે પ્રકૃતિ અને પ્રવાસને કેન્દ્રિત કરે છે. કેટલાક અંગત કહી શકાય તેવા, સ્વજીવનને સ્પર્શતા પાંચેક નિબંધોની ચાલ જરા જુદી – આત્મકથાત્મક છે. પરંતુ અન્ય, જાણીતા મણિલાલની જાણીતી કલમનો થોડો જુદો જાદુ પાથરે છે. આ નિબંધોની રચનાસાલ (મોટેભાગે તારીખ-વાર સાથે) ને સ્થળનિર્દેશ (જે હવે જરૂરી પણ જણાય) લેખકે આપ્યાં છે. એ મુજબ મુખ્યત્વે ૨૦૦૮થી ૨૦૧૦માં લખાયેલા આ નિબંધો મોટેભાગે વલ્લભવિદ્યાનગર અને મોટા પાલ્લાની, તો કેટલાક આબૂ, મોડાસા, વલસાડ, સાપુતારા જેવાં સ્થળોની તળભૂમિ પર લખાયેલા છે.

સંગ્રહનો, લવ ઍટ ફર્સ્ટ સાઇટ કહી શકાય તેવો વિશેષ તેનાં શીર્ષકો, મુખપૃષ્ઠ ને લે-આઉટ છે. 'બસ, ટહુકા સાંભળું છું', 'કૂંપણ ફૂટે તે મારી વેદના', 'ચકલી તો મારી લાગણીનું નામ છે', 'ઉદાસ પાવાગઢ અને હું' આદિ શીર્ષકો સીધો જ વિષયપ્રવેશ કરાવતાં, લેખકના પ્રકૃતિ સાથેના અનુસંધાનને ચીંધી આપે છે, તો તેમની માનસિકતાને પણ વ્યક્ત કરે છે. આ પહેલાંના તેમના નિબંધસંગ્રહોમાં પ્રકૃતિ અને પક્ષીસૃષ્ટિ છે જ, તેમાંનું કેટલુંક અહીં પુનરાવર્તન પામતું પણ લાગે. પહેલો જ નિબંધ 'બસ, ટહુકા સાંભળું છું'માં આવતું પક્ષીજગત મણિલાલના સમગ્ર સાહિત્યથી પરિચિત સુજ્ઞને અપરિચિત નહીં જ લાગવાનું. તો, 'કંસારો ગાય છે', 'ચકલી તો...', 'વિખૂટાં પડવાની સજા', 'જિન્દગી આપણી કસોટી કરે છે' વગેરેના કેટલાક વિચારો, કેટલાક ગદ્યખંડો આ પૂર્વે અન્યત્ર ઉલ્લેખાઈ ચૂક્યાના પણ જણાવાના; ને છતાં, ગમે તેટલી ક્ષતિઓ શોધ્યા પછી પણ, 'અરિ પણ ગાશે દિલથી' જેવું તેમનું રૂપાળું, આફૂડું ગમે તેવું ગદ્ય અને પ્રકૃતિ સાથેની પ્રેમનેય અતિક્રમી જતી આત્મીયતા તેમને પોતાના કરવા લોભાવે છે. 'વિચાર વાવીએ તોય ઊગી નીકળે એવી વેળા' (૧૦૭)ને 'ગંધવતી ઋતુ' (૧૦૪) લેખે પ્રમાણતા ગદ્યકાર 'કૂંપણ ફૂટે એ જ મારું સત્ય ને એ જ મારો દેવ' (૧૧૨)માં માનવાવાળા છે. 'સવાર પહેલાંની સવાર' (૧૯), 'નજરથી નજારાનું માપ કાઢતો કંસારો' (૧૯) જોતા લેખક 'બપોર પહેલાની બપોર'ને પણ આગવી દૃષ્ટિથી જોઈ શકે છે. ચૈત્રી સવાર કે અંધારી શારદીરાત્રિમાં પ્રકૃતિદર્શન કરતા કવિએ ગ્રીષ્મ અને હેમંતનાં તો વિવિધ રૂપો નીરખ્યાં જ છે, 'પંખીઓના ગાવાની ઋતુ' (૨૩)ને પણ માણી-પ્રમાણી છે. 'માટીમાંથી પ્રગટતો ધરતીના ઉમંગનો જાણે ફુવારો' (૧૦૨) હોય તેવો મહુડો કે અંધકારની ચૂંદડી પર વેલ-બુટ્ટાની ભાત ભરતાં કંસારી-તમરાં (૧૧૩) આ પહેલાં આવી ચૂક્યા હોવા છતાં પણ અહીં આકર્ષે છે; તો, 'વિધવાના કપાળ જેવી અડવી ને બંગડી વિનાના સ્ત્રીના કાંડા જેવી સૂની સીમ' (૧૦૨) લેખકનું નિત્યનું આકર્ષણ હોવા છતાં નાવીન્ય જગાવે છે. 'પૃથ્વી પર પ્રકૃતિ મારું સુખ છે.' (૧૩૬) કહેતા નિબંધકારને 'કોઈ સાદ પાડે છે : ચાલ્યો આવ.' (૩૩) – ને લેખકને થાય છે : 'બસ, હવે કશું જ કરવું નથી – આ પ્રકૃતિ સાથે પ્રકૃતિમય અશેષ થઈ જવું છે.' (૬૧) કદાચ આથી જ, 'બસ, કશું પણ નહીં કરવાના દિવસો આવ્યા છે.' (૧૦૧)નો મિજાજ પ્રગટાવતા લેખક 'હવે મારે ટહુકા સાંભળવા સિવાય કશું કરવાનું નથી.' (૭)નો નિજાનંદ નિર્દેશે છે. લેખકને મન આ જ 'મોટું આનંદપર્વ' (૭) છે. તેના પરિણામે જ, નિબંધના ઉત્તમાંશ કહી શકાય તેવા ગદ્યખંડો અવતર્યા છે. તેમાંના કેટલાક જુઓ :

'પાછાં વળતાં ઝરણાંને રમતાં જોઉં છું... ઘડીકમાં વાદળ વરસે છે તો ઘડીકમાં વળી તડકો ! આખો પાવાગઢ જીવતોજાગતો અનુભવું છું. કણકણમાં પ્રાણ છે તે તૃણતૃણ થઈને ડોલે છે... વૃક્ષો, વેલીઓ, કૂંપળ-પાંદડાં બધું નીતરે છે... જીવતર જાણે ધોવાતું ને અજવાળાતું જાય છે... માથા પરનું આકાશ અત્યંત નીલનીલ ઝળહળે છે... ને પેલાં ઝરણાંને, બાળક માની ગોદમાં પડતું મૂકે એમ, કંદરાઓમાં ઝંપલાવતાં જોઈ રહું છું... મનેય થાય છે કે ઊતરી જાઉં આ ઊંડેરી ખીણોમાં.. ઓઢી લઉં આદિમતા ને ખોવાઈ જાઉં... પાવાગઢમાં !' (૪૦)

S

'પલળી પલળીને પ્હાડો જ નહિ, આ ભેંસોના ધણ જેમ બેઠેલા પથ્થરોય પોચા પોચા પમાય છે. પેલી ભેખડો પરની મેઘવર્ણી શલ્યાઓ હાથીનાં ગંડસ્થળોની જેમ દૂઝી રહી છે. હમણાં જ હાથીઓ સૂંઢ વીંઝતા તોફાને ચડશે – એવી ભીતિ લાગે છે. 'મેઘમેદૂર' વેળામાં રઘવાયો પવન વૃક્ષેવૃક્ષે પોતાનું ઘમંડ દાખવતો ફરે છે... અર્બુદ ગિરિમાળા ચંચળ થઈ ઊઠી છે. ઘટતા વધતા વરસાદના અવાજો કોઈ આદિમ સંગીતમાં લીન કરી દે છે. વળાંકે વળાંકે કંદરાઓમાં ખાબકતાં ઝરણાં આબૂને ઓગાળીને વહાવી દેશે એવી પણ આશંકા જાગે છે... આ કાળાંમેંશ વાદળો શૃંગો પર એવાં તો ઝળૂંબે છે કે હૈયામાં ફાળ પડે છે... નીચેની લીલી વનરાજીય હવે તો ઘનશ્યામતા ધારી રહી છે. આ બેઉની વચ્ચે બચેલું આછું અજવાળું... એમાં ઊડતી ફૂહારો ને એમાં એકાકાર અમે જાણે આદિલોકમાં વિહરી રહ્યા છીએ !' (૪૬)

S

'વડને પાંદડે પાંદડે ચમકતું ચીકટું અજવાળું... આંબાઓ પુનઃ ફૂટ્યા છે – કથ્થાઈ ચામર શાં કૂંપળ સમ્પુટો ધ્યાન ખસેડવા દેતાં નથી ને આ ફૂલફળની સૂક્કી ને ઝીણેરી જાળીઓ હલાવતી સાગની સૂક્કીખંખ લાગતી ડાળીઓ ઉપર, વછેરાના કાન જેવાં પાંદડાં ઊગી આવ્યાં છે – હવે એ જેમ જેમ મોટાં થશે એમ જેઠ અને મેઘ બેઉં નજીક ને નજીક સંભળાશે... કેસૂડાં ઊલી ગયાં પછી પલાશ પાંદડે પાંદડે લીલાશનું આણું લઈને લચી પડેલા ભળાય છે... લીલીપીળી સીમમાં ભભૂતિયા બાવા જેવા ઊભેલા શીમળાની ડાળીઓ પર પણ હવે પાંદડીઓ રમવા માંડી છે... આ વખતનો આ વૈશાખ જ જુદો છે... જરાક વધારે મોહક અને વધુ વરણાગીઓ !' (૧૦૬)

'પ્રવાસ તો મારામાં ગયા જન્મારાઓથી પડાવ નાખીને પડેલો છે.' (૧૪૧) – એવું સ્વીકારતા લેખક 'સકળ ભોમ ભમી વળવા ચાહે છે.' (૬૭) – ને તેથી કેટલાક સારા પ્રવાસ-નિબંધો અહીં આપણને મળે છે. ખાસ તો, રાજસ્થાનના પ્રવાસે સંપડાવેલા બે નિબંધો 'નહિ ભૂલાતું જેસલમેર' અને 'ધૂળમાં ઊડતો મેવાડ', મધ્યપ્રદેશના પ્રવાસે પ્રાપ્ત થતો 'માંડવગઢ હવે ક્યાં છે ?' ને ઓરિસાની મુલાકાતે મળતો 'કોણાર્ક'; જે તેમના અન્ય, આ પૂર્વેના પ્રવાસનિબંધોથી વિશેષ આસ્વાદ્ય અને આત્મીય જણાય છે. ઐતિહાસિક, ભૌગોલિક અને પ્રાકૃતિક પરિવેશ સાથે સહજતાથી જ જાતને જોડતા લેખકની કલમ અહીં કોળાઈ ઊઠી છે, તો એ સાથે આવતું આછું-ઓછું ચિંતન પણ તેનો વિશેષ બની રહે છે. જેમ કે, શહેનશાહોની એશોઆરામી સંદર્ભે તેઓ જાણે કે આપણને ચેતવે છે : 'આવા અતિ-રાગથી જ સામ્રાજ્યો તૂટ્યાં છે... સાંપ્રત પેલા સમૃદ્ધ વ્યતીતનાં થોડાંક ખંડિત ચિહ્નો સાચવીને આપણને જાણે કે ચેતવે છે...' (૫૮)

કલામાં જ દેવત્વ દેખતા લેખકનો દષ્ટિકોણ પણ જોવા જેવો છે :

'કોણાર્કનું સૂર્યમંદિર જગવિખ્યાત છે. આજે તો એ ખંડિત અને ભગ્નાવશેષોની સ્થિતિમાં છે; તોય એની નોખી રચના કલા અને બેનમૂન શિલ્પોના અપૂર્વ સંયોગ માટે તાજમહેલથી એને આગળ મૂકનારા ઉત્તમ કળાવિવેચકો છે. રવીન્દ્રનાથે કહેલું કે પાષાણમાં કંડારાયેલી કોમળ કવિતાકલા આગળ માનવીનો શબ્દ કશી વિશાતમાં નથી ! પથ્થરમાં કોતરાયેલા માનવભાવોની આરતભરી આર્દ્રતા-મૃદુતા, પ્રસન્નતા અને દેહલાલિત્ય તથા માર્દવનું સૌન્દર્ય જોનાર એ કળાના જાદુ આગળ ગુણદોષનું પરીક્ષણ કરવા અસમર્થ બની જાય છે. માનવઅંગોના સૌન્દર્યને વર્ણવતો – પાષાણમાં કંડારતો આનાથી વધુ કલ્પનાવિહાર કે કળાવિહાર અશક્ય છે. અહીં એની પરાકાષ્ઠા છે !' (૯૨-૯૩)

'ઉદાસ પાવાગઢ અને હું', 'અર્બુદગિરિ : અલૌકિક અનુભૂતિ', 'અરવલ્લીની ઘાટીઓમાં' કે 'પંગારબારીના પાદરેથી' નિબંધો ઉપર્યુક્ત પ્રવાસનિબંધોથી સ્હેજેય ઊતરતા નથી; ઊલટું, અહીં પ્રવાસ સાથે તદાકાર થઈ ગયેલ પ્રકૃતિ-પર્વતોની રસગૂંથણી જ તેનાં ઉત્તમાંગો છે. કદાચ, આ સંગ્રહમાંથી સર્વોત્તમ એવા પાંચેક નિબંધો તારવવાના થાય તો હું આ સ્થાનિક પ્રવાસનિબંધોને પ્રથમ મૂકું, ને પછી તેમાં ઉમેરું 'પાંદડે પાંદડે ઉત્સવ', 'વતનમાં વૈશાખ', 'અંધારું, ચાંદરણાં અને આગિયા'ની સાથે 'આભલે ઊડ્યા કરું'ને પણ ! – જેમાં લેખકની ગદ્યશ્રીથી છલોછલ આહ્લાદકતા હિલ્લોળા લ્યે છે. આ આહ્લાદકતાનું બીજું એક કારણ તેમાં વણાઈને આવતી લેખકની વેદના છે. 'મને ગમતી પીડાનું ફૂલ આપજો : હું કરવતથી મુખ નહીં મોડું' એવું એમના એક ગીતમાં ગાતા લેખક અહીં પણ નોંધે છે કે 'દુઃખોથી આરક્ષિત વેદનાજન્ય માધુરી તે જ મારું સુખ.' (૧૩૫) કે પછી 'મારું સુખ તો આવું, પીડાઓની માધુરીનો પર્યાય.' (૧૩૬) – ન માત્ર એમના આ જ નિબંધોમાં, ઉદાસીની આછી વાદળીઓ એમના સમગ્ર સંગ્રહમાં અત્રતત્ર વેદના વરસાવતી, લેખકના જાણે કે સ્થાયીભાવ રૂપે દેખા દે છે. શીર્ષકો પણ તેમાંથી બાકાત નથી : 'ઉદાસ પાવાગઢ અને હું' કે 'કૂંપણ ફૂટે તે મારી વેદના' જેવાં શીર્ષકો રચતા લેખક વેદનામિશ્રિત ઉદાસી (૧૫), અંગત વિપદવેળાઓ (૧૫), 'ઉદાસીનું દર્દ' (૧૯, 'એકાકી હોવાની વેદના' (૨૦), 'ચકલી મારી માલીપાની પીડા' (૨૭), 'ઉદાસીનો વાવટો' (૩૯), 'વેદનાની માધુરી' (૪૫), 'સૂનકારનો સાદ' (૭૪), 'ગઢની ખામોશી ને મનની ઉદાસી' (૭૯), 'વેઠ્યાની વિશિષ્ટ અનુભૂતિ' (૧૧૫) વગેરે વગેરે શબ્દસમૂહો દ્વારા સતત કરુણગાન ગાતી વીણાનો તાર ઝણઝણતો રાખે છે. 'એકલતા મારી નિયતિ છે' (૧૦૨)નો આંતર્ભાવ 'હું સોરાવ છું' (૧૨૦)ના આંતર્નાદ સાથે પડઘાતો સમગ્ર સંગ્રહમાં ગુંજતો રહે છે. આખા સંગ્રહમાં, પ્રારંભથી અંત સુધી એક આછી, ઝીણી કણસ સતત સંભળાતી રહે છે. તેમાં કૌટુંબિક, પારિવારિક ને દામ્પત્યજીવનના કડવા-તૂરા-મોળા અનુભવોએ પણ ભાગ ભજવ્યો છે. અંતના કેટલાક નિબંધોમાંના અંગત અનુભવો નિબંધ ન બનતા હોવા છતાં ઉદાસી અને વેદનાસંદર્ભે જોવા-તપાસવા જેવા છે. તેમાં ક્યાંક પ્રગટી જતું આછેરું ચિંતન પણ કેટલાક કડવા ઘૂંટ પછીથી લાધ્યું ડહાપણ છે.

એક સમયે 'ગામ જવાની હઠ છોડી દે'વા તત્પર થયેલા લેખકને હવે લાગે છે કે 'મને દૂર દૂરના મલકમાંથી કોઈ બોલાવતું હોય.' (૧૨૦), ને અંતે હઠીલું મન ન જ માનતાં પાછા પોતાને ગામ આવે છે ત્યારે તેમને 'લાગે છે કે મારા ખોળિયામાં જાણે પરત ફર્યો છું.' (૧૧૫). 'ઘર, ગામ, સીમ-વગડો જ્યારે બોલાવે છે ત્યારે મારો તો બેડો પાર થઈ જાય છે.' (૧૧૪) એવું કહેતા લેખકે 'વતનમાં વૈશાખ', 'અંધારું, ચાંદરણાં અને આગિયા', 'મન માનતું નથી' ને 'વિખૂટાં પડવાની સજા' જેવા નિબંધોથી રસિક વાચકનો પણ બેડો પાર કર્યો છે – તેના સર્જનાત્મક ગદ્યથી. તાજગીનો અહેસાસ અહીં પણ થાય છે. નદીવિષયક નિબંધો પણ લેખકની અંગતતાને ઓગાળી આત્મીય બન્યા છે. 'રેવાને તીરે'માં લેખકનું આકર્ષણ કંઈક આમ પ્રગટ્યું છે : 'મને નદી અને નારીનું નિત્ય આકર્ષણ રહે છે... તરસ મારી નિત્યની – નીર અને નારીની !' (૧૩) તો, 'નાડીમાં વહેતી નદીઓ'માં નદીઓને રમણીયતાનો પર્યાય કહેતા લેખકે મહી અને નર્મદાનો મહિમા કરતાં તેના સૌન્દર્યને ગાયું છે.

આ પૂર્વે, મણિલાલના નિબંધોમાં 'કઢી ઢોળાઈ હોય તેવો તડકો' એકાધિક વાર આવેલો, તે અહીં હળદરિયો, ચણાનો લોટ પાથર્યો હોય એવો, તાજા ઘી જેવો, ચૂંદડી જેવો – એમ વિવિધ રૂપે રેલાયો છે. સડક નામની સાપણ, સ્તનોશી ઘાટીલી ટેકરીઓ કે ટેકરીઓને કેડ્ય ફરતા કંદોરા જેવી કેડી કે વાડ પણ અહીં બે-ચાર વાર દેખા દે છે. કવિને ગમતા કવિઓ અને કવિતાઓ પણ અહીં છે. પણ વિશેષ ધ્યાન ખેંચતા ઘણા શબ્દાનુપ્રાસો / વર્ણાનુપ્રાસો ગમે – ગમી જાય તેવા છે. જેમ કે, જળ-સજળ, તાપ-ઉતાપ, તલ્લીન-લયલીન, દઈને-દૈને, નીરવ-રવ, વનશ્રી-જનશ્રી, સકળ-અકળ-કળ, પલાશ-લીલાશ, પડદો-તાડો, રમતીલી-ગમતીલી, કાચેકાચી-સાચેસાચી, મોડ-મોડાસા, વગેરે વગેરે. હા, ક્યારેક-ક્યાંક આવતા અંગ્રેજી શબ્દો ખૂંચે : પિંક, જેશ્ચર, ડાર્કબ્લ્યૂ આદિ. તેનું એક જ દષ્ટાંત જુઓ : 'જાંબલી-કથ્થાઈ-પિંક-રતુંબડી કૂંપળો.' (૧૩૫) પણ આવું-તેવું તો ક્યાં-કોનામાં નથી ! મહત્ત્વનું તો છે સર્જન; જે અહીં મણિલાલના ગદ્યમાં અને વિશેષે પ્રકૃતિ-પ્રવાસની વેદનાયુક્ત તાદાત્મ્યમાં ઝળહળે છે. મહિમા પણ એનો જ છે ને !